
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

Vol. 11, Issue. 209, October 2020


જગતમાં તમારે તરવું હોય તો હાથપગ ઉપર ભરોસો રાખો, મહેનત સાથે મહોબત રાખો. જેનું શરીર કેળવાય છે તેનું મગજ પણ સાથોસાથ ખીલે છે. બુધ્ધિનો એકલો વિકાસ નકામો છે, તેથી જગતને ફાયદો નથી. બુધ્ધિ સાથે શારીરિક શ્રમ માટેનો પ્રેમ ખીલવો જોઈએ. ઉદ્યોગ અને વિદ્યાનો એક તાર થતાં અદ્દભુત શકિત ઉત્તપન્ન થાય છે.

– સરદાર પટેલ

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સુરત જીલ્લાનો બારડોલી તાલુકો એની ખેતી અને ખેડૂતો માટે જાણીતો, એ તાલુકો સન ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહને કારણે જ જગમશહૂર બન્યો. આ લડતનો સમગ્ર દોર સરદારના હાથમાં હતો. સરદાર પટેલનાં બે સ્વરૂપો આપણને જોવા મળે છે : એક બારડોલીના સરદાર, બીજા સાડાપાંચસો જેટલાં દેશી રાજયોનું ભારતીય પ્રજાસત્તાકનાં અંગભૂત બનાવનાર સરદાર. એકમાં એમની સંઘર્ષશકિત અને બીજામાં સર્જનશકિતનો પરિચય થાય છે.

સ્વભાવથી જ સરદાર સિંહપ્રકૃતિના હતા અને એટલે એક પુરુષસિંહ તરીકે ભારતમાં નામના મેળવી શકયા. સરદાર યુધ્ધ શરૂ કરી શકતા, વ્યૂહરચના ગોઠવી જીત મેળવી શકતા પણ એ માત્ર યોધ્ધા નહોતા. ગૃહપ્રધાન તરીકે એમણે કાયદો ને વ્યવસ્થા વા શાંતિના સ્થાપનનું કાર્ય હાથ પર લીધું. સરદારની સર્વોત્કૃષ્ટ સમજશકિતનો ને એમની દૂરંદેશીનો પરિચય દેશીરાજયોના વિલીનીકરણમાં થયો. ભારતના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર ભારત એક ને અવિભાજય અંગ બન્યું ને તે પણ લોહીનું ટીપું રેડયા સિવાય; સમજૂતી ને સલાહથી. રાજાઓને એમણે પ્રજાશકિતની ધમકી પણ આપી, દેશભકિતની આણ પણ આપી, અને સ્થૂળ બદલાની બાબતમાં ઉદારતા પણ બતાવી. સરદારના વ્યકિતત્વનો એ ચમત્કાર હતો. એકતા નિર્માણની સરદાર પટેલની મહાન સિધ્ધિનો ઉલ્લેખ કરતાં લંડન 'ટાઈમ્સ'–પત્રે લખ્યું, "સરદાર પટેલની આ મહાન ઐતિહાસિક સિધ્ધિ બિસ્માર્કની સિધ્ધિની કક્ષાની, કદાચ એથીયે ઊંચેરી, બની રહેશે."

સત્યાગ્રહના સેનાની તરીકે જે સરદારીના ગુણ એમણે દર્શાવ્યા હતા તેથી વિશેષ રાજયના વહીવટમાં, કાયદો–વ્યવસ્થાની સ્થાપનામાં ને ભારતને સુસ્થિર ને સુરક્ષિત દેશ બનાવવામાં એમણે બતાવ્યા. દેશ ને દુનિયામાં પ્રશંસા પામ્યા. સરદારની બાબતમાં **वज्रात अपि कठोराणि, मृदुनि कुसुमादपि** એ શાસ્ત્રોકિત સર્વાંશે સાર્થક બની છે.

કુશળ વ્યવસ્થાપકમાં માણસોને પારખવાની ઉત્તમ શકિત હોવી જરૂરી છે – તો કેટલાક માણસોને તેણે સંભાળી લેવા પણ પડે છે. તેવી જ રીતે કારભારની કુશળતા પણ તેનામાં હોવી ઘટે. સરદાર પટેલમાં આ ગુણો હતા. સરદારમાં જેટલી દૃઢતા છે તેટલી જ અનુનયશીલતા પણ છે, હાથ નીચેના માણસોની ચકાસણીનો જેટલો આગ્રહ છે તેટલી જ તેમને છૂટે હાથે કામ કરવા દેવાની તત્પરતા છે. સરદારમાં આંતરસૂઝ પણ હતી અને દીર્ઘદષ્ટિ પણ હતી; લોકોને મેળવવા અને કેળવવાની શકિત પણ હતી અને એમના માર્ગમાં આવનાર મુશ્કેલીઓ અંગે એમને સાવધ કરી હિંમત આપવાની ક્ષમતા પણ હતી. સરદારે અમલદારોમાં મૂકેલા ભારે વિશ્વાસની સૌએ પ્રશંસા કરી છે. ઘણા મુલકી અમલદારોએ ન્યાયભાવનાને બિરદાવી છે. સરદાર અધિકારીઓને નિખાલસ રીતે વર્તવાને પ્રોત્સાહન આપતા હતા અને અમલદારો નિઃસંકોચપણે પગલાં ભરતાં ખચકાતા નહીં. સરદાર જેટલા એમના શૌર્ય માટે પંકાયેલા એટલા જ કે કદાચ એથીયે વધુ એમની શિસ્ત માટે જાણીતા હતા. જેટલી શિસ્તની અપેક્ષા એ પોતાના અનુયાયીઓ પાસે રાખે એટલી જ પોતે પણ પાળે. ગાંધીજી કે મોટાભાઈ વિઠ્ઠલભાઈની હાજરીમાં એ કંઈ બોલે નહીં, અને અદબપૂર્વક એમની આજ્ઞાનું પાલન કરવાનો પૂરો પ્રયાસ કરે. ગાંધીજીના સંપર્કમાં આવતાં સરદારના જીવનનું સુકાન બદલાયું. નિર્મળ ગુરુભકિત હતી. આથી જ ગાંધીજીએ કહેલું કે, "તેમણે મને પ્રેમથી જે રીતે તરબોળ કર્યો છે તેથી તો મારી વહાલી માતાનું સ્મરણ થઈ આવતું."

ભારતમાતાના આ પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલને જન્મ જયંતી પર શત શત સાદર નમન.

તા. ૭ નવેમ્બર ૨૦૨૦

ડૉ. હેમાલીબેન દેસાઈ
ઈ.ચા.કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### e-Inauguration Ceremony of Innovation and Start-up Centre

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં તા. ૧૪–૧૦–૨૦૨૦ના રોજ SSIP સેન્ટરનું ઓનલાઈન e-Inauguration કરવામાં આવ્યું હતું. SSIP સેલ યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષથી કાર્યરત છે. આ સેન્ટરનું Inauguration કરવામાં આવ્યું. પ્રસ્તુત e-Inauguration Ceremonyમાં ગુજરાતના માનનીય શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ, માનનીય શ્રીમતી વિભાવરીબેન દવે (Minister of State, Primary and Higher Education, Government of Gujarat), શ્રીમતી અંજુ શર્મા મેડમ (Principal Secretary, Higher & Technical Education, Government of Gujarat) ડૉ. હેમાલીબેન દેસાઈ (Hon'ble Vice Chancellor, Veer Narmad South Gujarat University, Surat), શ્રી એમ. નાગરાજન (Executive Director, Higher Education Department, Government of Gujarat), શ્રી માધુ નારાયણ (Joint Commissioner, Higher Education, Government of Gujarat), શ્રી હીરન્મય મહંતા (Chief Executive Officer, i-Hub, Gujarat), ડો. રમેશદાન ગઢવી (ઈન્ચાર્જ કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), તથા SSIP કો–ઓર્ડિનેટર હાજર રહ્યા હતા. ઉપરાંત ઓનલાઈન e-Inauguration Ceremony માં સિન્ડિકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, આચાર્યશ્રીઓ, અધ્યાપક મિત્રો, વિદ્યાર્થીમિત્રો, મિડીયાના સાથી મિત્રો તથા સમાજના અગ્રણીઓ જોડાયા હતા.


માનનીય શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ દ્વારા પણ નવી શિક્ષણ નીતિ સાથે SSIP તાલ મિલાવી કામ કરશે અને જેના થકી સમય સાથેની માંગને સંતોષવા એક પૂરક સંસ્થા સાબિત થશે તેમ જણાવ્યું હતું. માનનીય શ્રીમતી વિભાવરીબેન દવે દ્વારા પણ વિદ્યાર્થીને રોજગારી અને ખાસ કરીને સ્વ–રોજગારી માટે સક્ષમ બનાવવો હોય તો SSIP સેલ અને સેન્ટર જેવી પ્રવૃત્તિથી તે સંભવિત છે તેમ તેમણે જણાવ્યું હતું. ગાંધીનગર ઉચ્ચ શિક્ષણમાંથી શ્રી એમ.નાગરાજન અને શ્રી માધુ નારાયણ તેમજ 'આઈ–હબ'માંથી શ્રી હીરન્મય મહંતા દ્વારા પણ શિક્ષણ માથે તકનિકી જ્ઞાન અને રોજગારી કુશળતા પર ભાર મુકયો હતો.

કાર્યકારી કુલપતિ ડૉ. હેમાલીબેન દેસાઈ દ્વારા SSIP સેન્ટર દ્વારા ઈનોવેશન, સંશોધન અને રોજગારી મુલક આવડત વધારવા યુનિવર્સિટી સજ્જ છે અને નવી શિક્ષણ નીતિ સાથે ઉચ્ચ શિક્ષણના સમન્વય તરફ યુનિવર્સિટી સતત કાર્યશીલ રહેશે તેવું તેમણે જણાવ્યું હતું.

Innovation and Start-up Centre થકી યુનિવર્સિટી સંલગ્ન લગભગ ૧૫૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને લાભ પ્રાપ્ત થશે. SSIP Centre નો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રહેલી ઈનોવેશન અને સ્ટાર્ટ–અપ અંગેની ક્ષમતાઓને બહાર લાવવાની છે. SSIP Centre દ્વારા ભવિષ્યમાં Innovation and Start-up Festival, Conference જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ સેન્ટર Patent Filing Cell તરીકે પણ કામ કરશે. સ્થાનિક ઔદ્યોગિક વસાહતો સાથે જોડાણ કરી ઈનોવેશનની કામગીરી કરશે. સ્થાનિક ધંધાદારી વર્ગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેને સહાયક કામગીરી પ્રસ્તુત સેલ દ્વારા કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા વિવિધ સ્ટેકહોલ્ડર સાથે કાર્ય કરીને ખાનગી અને સરકારી તંત્ર સાથે જોડાણની પ્રક્રિયા હાથ ધરશે. SSIP સેન્ટર સંશોધનનો સંગ્રહ અને પ્રકાશનનું કામ પણ કરશે.

સમગ્ર કાર્યક્રમ કાર્યકારી કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ સંપન્ન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના સંચાલકમાં SSIP સેલના કો–ઓર્ડિનેટર પ્રો. પ્રવીણ દુધાગરા, કો–ઓર્ડિનેટર પ્રો. યોગેશ એન. વાંસિયા અને SEC ના કો–ઓર્ડિનેટર દેવભદ્ર શાહે કામગીરી કરી હતી.















## ROLE OF N.S.S. IN NEW EDUCATION POLICY : વેબિનાર

રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા.૧૭/૧૦/૨૦૨૦ શનિવારના રોજ "Role of N.S.S. in New Education Policy" વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી કમલકુમાર કર (આસી. પ્રોગ્રામ એડવાઇઝર, ડારેકટર ઓફ એન.એસ.એસ., મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ, દિલ્હી), કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ડૉ. હેમાલીબેન દેસાઈ (કા.કુલપતિશ્રી, વીર નમદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), એન.એસ.એસ.ના પૂર્વ પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, શ્રી ડૉ. એ. એન. માલવીયા, વકતા તરીકે ડૉ. જે. જેગાનાથન, એન.એન.એસ. કો–ઓર્ડિનેટર અને સિનીયર આસિસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ નેશનલ સિક્યુરીટી, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ જમ્મુ, જમ્મુ અને કાશ્મીર, ડૉ. પરમવીર સિંહ, એન.એન.એસ. કો–ઓર્ડિનેટર, પંજાબી યુનિવર્સિટી, પટિયાલા, પંજાબ, ડૉ. રામ મોહન શુકલા, નિવૃત્ત પ્રોફેસર બોટની, એમ. પી. સ્ટેટ હાઈયર એજ્યુકેશન, ઉજ્જૈન હાજર રહ્યા હતા. ઉદ્ઘાટન બેઠકમાં વેબિનારની ભૂમિકા ડૉ. ભરત ઠાકોરે મૂકી હતી. તેમને પ્રારંભમાં રાષ્ટ્રીય શિક્ષા નીતિ–૨૦૨૦ની વાત કરી અભ્યાસમાં રાષ્ટ્રીય મૂલ્યોને જોડીને તેમાં પરિવર્તન કરીને દેશના લક્ષ્યની દિશામાં આગળ વધે છે. આ શિક્ષણ નીતિ દેશના દ્વારા દેશની વર્તમાન અને આવનારી પેઢીઓનું ભવિષ્ય તૈયાર કરશે અને તેના દ્વારા રાષ્ટ્ર નિર્માણ થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ સામાજીક સમરસતા અને એકાત્મ માનવ દર્શનનું પ્રગતીકરણ કરી સમાજના છેવાડાનાં માનવીમાં રહેલી સર્જનાત્મક શકિતને વિકસીત કરી, કૌશલ્ય નિર્માણ કરશે. આ શિક્ષણ નીતિમાં બાળક શું વિચારે છે તે નહિ પણ કેવી રીતે વિચારવું તે મહત્વનું માનવામાં આવ્યુ છે. પૂર્વ એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. એ.એન.માલવિયાએ તેમના કાર્યકાળનાં અનુભવોની સાથે એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ વિષે વાત કરી હતી.




ત્યારબાદ ઈ.ચા. કુલપતિશ્રી, ડૉ. હેમાલીબેન દેસાઈએ સ્વાગત પ્રવચનમાં એન.એસ.એસ.ના ધ્યેય મંત્ર "સ્વયમ સે પહેલે આપ" વિષે વાત કરતા કહ્યું હતું કે, પોતાના વિષે વિચાર કરતા પહેલા બીજાનું ભલું કરવું અને કલ્યાણ કરવું તેમ કહ્યું હતું, એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ દ્વારા સમાજનો વિકાસ સર્વાંગીણ થાય અને જેમાં માનવ–માનવ વચ્ચે કોઈપણ પ્રકારનો ભેદભાવ ન રહે એવા પ્રયત્નો થતા રહ્યા છે અને સમાજનો સાચો વિકાસ એ એન.એસ.એસ.ની Holistic Development ની પ્રવૃત્તિઓથી જ થાય છે. તેમને તેમની વાતમાં મહાત્મા ગાંધી અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું દ્રષ્ટાંત આપતા કહ્યું હતું કે, ગુરુ શિષ્ય પરંપરા અને એક સારા નાગરિકથી સારા સમાજની નિર્માણ પ્રક્રિયામાં એન.એસ.એસ. ની ભૂમિકા મહત્વની બની રહે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજે જયારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આપણી સામે છે,


ત્યારે કેટલાક પડકારો પણ આવવાના અને તે સમયે આપણા યુવાનોને સર્જનાત્મકતા, જીજ્ઞાસાવૃત્તિ અને પ્રતિબધ્તા સભર જીવન જીવવા માટે પ્રેરણા આપે તે જરૂરી હતું અને તે બદલાતા સમયની સાથે એક નવી વિશ્વવ્યવસ્થા નવા રંગરૂપ સાથે ઉભી થઇ રહી છે અને તેમાં નવા વૈશ્વિક ધારા–ધોરણો પણ નક્કી થઈ રહ્યા છે. એટલે આજની આપણી નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિની ખૂબ જરૂર હતી અને એ શિક્ષણ નીતિમાં વિશ્વ નાગરિક નિર્માણ અને તેની સાથે વ્યકિતના પોતાના મૂળિયા સાથે હંમેશા જોડાઈ રહે અને તેમાં મનુષ્યથી લઇને માનવતા સુધીની વાત થાય તે અપેક્ષિત હતું અને તે બાબત આજની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સમાવિષ્ટ છે જે આપણા સૌ માટે ઉજળા ભવિષ્યની દિશામાં નવપ્રસ્થાન બની રહેશે એવો મને વિશ્વાસ છે.

ત્યારબાદ ટેકનીકલ સેસન્સમાં દેશનાં જાણીતા ૦૩ વિષય નિષ્ણાતો દ્વારા ત્રણ ટેકનીકલ સત્રમાં વેબિનારને આગળ ધપાવવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ટેકનીકલ સત્રમાં ડૉ. જે. જગાનાથનએ પ્રાચીન શિક્ષા વ્યવસ્થા અને વર્તમાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભે ઝીણવટપૂર્વક ચર્ચા કરી હતી. બીજા ટેકનીકલ સત્રમાં ડૉ. પરમવીર સિંહે રાષ્ટ્રીય શિક્ષા નીતિના સંદર્ભે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, એન.એસ.એસ.ના સ્વયંસેવકો/સેવિકાઓ અને પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ દ્વારા સમાજના છેવાડાના વ્યકિતઓની સમસ્યાના નિવારણ માટે કઈ કઈ પ્રવૃત્તિઓ કરી શકાય તે વિષે વિસ્તૃત વાત કરી હતી. ત્રીજા ટેકનીકલ સત્રમાં ડૉ. રામ મોહન શુકલાએ એન.એસ.એસ. દ્વારા યોજાતા સાત દિવસીય ખાસ શિબિરને ૧૦ દિવસનો કરવાનો મુદ્દો મુકયો હતો અને ૧૦ દિવસની શિબિર થકી સમાજ અને છેવાડાના જરૂરતમંદ લોકો સુધી કઈ રીતે મદદ પહોંચી શકશે તે વિષે જણાવ્યું હતું.

આ વેબિનારમાં ૧૦૦૦થી વધુ રજીસ્ટ્રેશન થયા હતા અને વેબિનારનું લાઇવ પ્રસારણ ફેસબુકના માધ્યમથી થયું હતું જેમાં દક્ષિણ ગુજરાતની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ, આચાર્યશ્રીઓ અને પ્રોગ્રામ ઓફીસરશ્રીઓ મળીને કુલ ૩૦૦૦ કરતા વધુ લોકો એ ફેસબુકના માધ્યમથી લાઇવ નિહાળ્યો હતો.

સમગ્ર વેબિનારનું સંચાલન અને આયોજન ડૉ. ભરત ઠાકોર (પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, એન.એસ.એસ., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), દ્વારા કરવામાં આવ્યું હતું.
























## ન્યુ એક્રીડીટેશન ફ્રેમવર્ક ઓફ નેક ફોર યુનિવર્સિટી : વેબીનાર

આગામી સમયમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી 'નેક'ના રીએક્રીડીટેશનમાં જવાની હોય, ભવિષ્યની તૈયારીના ભાગ રૂપે 'નેક'ને લગતા જરૂરી અને મહત્વના મુદ્દાઓની ગહન ચર્ચા વિચારણા કરવા માટે તા. ૨૧/૧૦/૨૦૨૦ના રોજ યુનિવર્સિટી દ્વારા 'ન્યુ એક્રીડીટેશન ફ્રેમ વર્ક ઓફ નેક ફોર યુનિવર્સિટી' ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈ દ્વારા વેબિનારમાં હાજર રહેલ તમામ મહાનુભાવોનું સ્વાગત કરી 'નેક' એક્રીડીટેશન માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. હેમાલીબેન દેસાઈએ 'આત્મનિર્ભર ભારત' અને 'ઈનોવેશન' ઉપર ભાર મૂકી અભ્યાસક્રમો અને શિક્ષણ પધ્ધતિની ગુણવત્તામાં સુધારો કરવા હાકલ કરી હતી. વેબિનારના મુખ્ય અતિથિ શ્રી પ્રો. અમીયાકુમાર રાથે 'નેક' એક્રીડીટેશનના નવા ફ્રેમ વર્કથી માહિતગાર કર્યા હતાં અને યુનિવર્સિટીને વેબિનાર યોજવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

વેબિનારમાં ત્રણ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડૉ. ગણેશ હેગડે દ્વારા આઈ.આઈ.કયુ.એ.ના પ્રેઝન્ટેશન અને સબમીશન તથા સેલ્ફ સ્ટડી રિપોર્ટ ઉપર ખૂબ જ સઘન માહિતી આપેલ, જેમાં યુનિવર્સિટીના અધ્યાપકો ઘ્વારા પ્રશ્નો વડે વધારે સમજણ આપવામાં આવી હતી. તજજ્ઞશ્રી ડૉ. લીના ગોવીદ ગહાણે દ્વારા એ.કયુ.એ.આર. રીવ્યુ પ્રોસેસ અને સબમીશનથી માહિતગાર કર્યા હતા. જેમાં 'નેક'ની તબક્કાવાર પ્રોસેસની સમય મર્યાદા ઉપર ભાર મુકયો હતો અને યુનિવર્સિટી દ્વારા સમયસર 'નેક' એક્રીડીટેશન સફળતાપૂર્વક થઈ શકે એ માટે વિસ્તૃત ચર્ચા કરી હતી. તજજ્ઞશ્રી ડૉ. એ. વી. પ્રસાદ દ્વારા ડેટા વેલીડેશન અને વેરીફીકેશન, વિદ્યાર્થી સેટીસ્ફેકશન સર્વે અને પીયર ટીમના મુલાકાત જેવા વિષય પર માહિતી આપી હતી. આમ કુલ ત્રણ તજજ્ઞો દ્વારા 'નેક'ના દરેક ક્રાઈટેરીયાને આવરી ગહન ચર્ચા વેબિનારમાં કરવામાં આવી હતી. 'નેકમાં જરૂરી કવોલીટેટીવ અને કોન્ટીટેટીવ મેટ્રીકસની ચર્ચા થઈ હતી.

આ વેબિનારમાં આશરે ૨૦૦ જેટલા વિભાગના અધ્યાપકો, વડાશ્રીઓ, વિવિધ ફેકલ્ટીના ડીનશ્રીઓ, સેનેટ અને સિન્ડિકેટ સભ્યશ્રીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. સમગ્ર વેબિનારનું સંચાલન યુનિવર્સિટીના આઈ.કયુ.એ.સી.ના ડાયરેકટર પ્રો. કે.સી.પોરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. તથા કાર્યક્રમની આભારવિધિ શ્રી એ.વી.ધડુક ઈ.ચા. કુલસચિવ દ્વારા કરવામાં આવી હતી.

## 'ન્યુ એક્રેડીટેશન ફ્રેમવર્ક ઓફ નેક ફોર કોલેજીસ' : વેબિનાર

તા. ૨૯/૧૦/૨૦૨૦ ના રોજ યુનિવર્સિટી દ્વારા 'ન્યુ એક્રેડીટેશન ફ્રેમવર્ક ઓફ નેક ફોર કોલેજીસ' વિષય પર ઓનલાઇન વેબિનાર કા. કુલપતિ મહોદયા ડૉ. હેમાલીબેન દેસાઇના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો અને 'નેક' એડવાઇઝર ડૉ. ગણેશ હેગડે મુખ્ય અતિથિ તથા પ્રથમ એક્ષપર્ટ ટેકનીકલ વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ પ્રેઝનટેશન અને IIQA સબમીશન તથા કોલેજો માટે સેલ્ફ સ્ટડી રિપોર્ટની તૈયારી અને તેના માટે અત્યંત આવશ્યક તમામ ક્રાઇટેરીયા ખૂબ જ વિસ્તૃત રીતે વર્ણવ્યા હતાં. કોલેજ માટે વિઝન અને મિશન સ્ટેટમેન્ટ, ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગીતા, e- કનટેન્ટ ડેવલપમેન્ટ ફોર પેપર અને ઇલેકટીવ પેપર, સ્કીલ ડેવલપમેન્ટ, સ્કીલ એનહાન્સમેન્ટ જેવી અગત્યની બાબતોનું નેકની દ્રષ્ટિએ મહત્વ સમજાવ્યું હતું. દ્વિતિય સત્ર ડૉ. એ.વી.પ્રસાદ(આસિસ્ટન્ટ એડવાઇઝર નેક) દ્વારા ડેટા વેલીડેશન અને વેરીફિકેશન (DVV) અને નેક સમિતિ દ્વારા લેવાતી ઓન સાઇટ વિઝીટ અને તેનાં આઉટકમ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ડીવીવી પ્રક્રિયા, વેબલીક પર માહિતીનું પ્રસારણ અને તેનું 'નેક' દ્વારા ચેકીંગ, જરૂરી કવેરીનું સમાધાન અને તે માટેની ટાઇમ લાઇન અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી અને પીઅર ટીમ માટે પ્રિ–કલેરીફિકેશન સ્ટેજ અને ટીમ વિઝીટનાં રિપોર્ટ તથા આઉટકમ અંગે

માહિતીપ્રદ બાબતો સમજાવી હતી. તૃતીય સત્ર ડૉ. લીનાબેન ગહને દ્વારા સ્ટુડન્ટ સેટીસફેક્શન સર્વે (SSR) અને એ.ક્યુ.એ.આર. સબમીશન અંગે વિગતો દર્શાવી હતી. એક્રીડીટેશન પ્રક્રિયા માટે આ બંને મુદ્દા અતિ આવશ્યકતા ધરાવે છે. કોલેજ અથવા યુનિવર્સિટી દ્વારા સર્વે થયેલ વિદ્યાર્થીઓની માહિતી અપલોડ કરવાની હોય છે. તેમાંથી NAAC દ્વારા રેન્ડમ રીતે વિદ્યાર્થીની પસંદગી કરી સર્વે કરવામાં આવે છે.

SSR માટે NAAC દ્વારા ડેટા ટેમ્પલેટ મોકલવામાં આવે છે. તે પ્રમાણે જ ડેટા મોકલવાનાં રહે છે અને એક માસમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહે છે. એ.ક્યુ.એ.આર. માટે યોગ્ય અને સંબંધિત માહિતીઓ અને તેની મહત્તા વર્ણવી હતી.

કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો દ્વારા પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતા અને તે અંગે જ્ઞાતાઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડાયરેક્ટર પ્રો. (ડૉ.) કિશોર પોરીયા દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર સંકલન ડૉ. પ્રવિણભાઇ દૂધાગરા દ્વારા અને આભારવિધિ કા.કુલસચિવશ્રી એ.વી.ધડૂક દ્વારા કરવામાં આવી હતી.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### સાહિત્ય પ્રદર્શન : સરદાર પટેલ જન્મ જયંતી

સરદાર પટેલ જન્મ જયંતી નિમિત્તે યુનિવર્સિટી ગ્રંથાલયમાં 'સરદાર પટેલ'ના પુસ્તકોનું પ્રદર્શન તા.૩૧–૧૦–૨૦૨૦ થી ૭–૧૧–૨૦૨૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું.







## કોલેજ ન્યૂઝ

## જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### "ભગવદ્દગીતા ઈન ડે ટુ ડે લાઈફ" : નેશનલ વેબિનાર

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૧૮ જુલાઈ, ૨૦૨૦ના રોજ "ભગવદ્દગીતા ઈન ડે ટુ ડે લાઈફ" વિષય અંતર્ગત Google Meet અને You Tube, Tweeter, Instagramના માધ્યમથી ૧૬મા નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. પ્રિ.ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં મેનેજમેન્ટ ટ્રેનર અને મોટીવેશનલ સ્પીકર શ્રી વિનય પત્રાલે મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાંથી ૩૨૪૯ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી વિનય પત્રાલેએ જણાવ્યું કે, ભગવદ્દગીતા માનવતાના માર્ગદર્શક ગ્રંથ તરીકે સ્વીકૃતિ પામેલ છે. ભગવદ્દગીતાએ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા યુધ્ધભૂમિમાં માત્ર અર્જુનને નહી પરંતુ પૂરી દુનિયા માટે એક સંદેશ હતો. ભગવદ્દગીતામાં કર્મના સિધ્ધાંતની વાત કરેલ છે. આજના સમયની કોઈપણ સામાજીક, રાજકીય, આર્થિક, વ્યકિતગત, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સમસ્યાનો ઉકેલ ગીતામાં સમાયેલ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી જયારે બીજા દેશના કોઈપણ વ્યકિતને મળે ત્યારે હંમેશા ભગવદ્દગીતા જ આપવાનું પસંદ કરે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, આજની યુવા પેઢીને શિક્ષણ દ્વારા તેમના અભ્યાસક્રમમાં ભગવદ્દગીતાનો સમાવેશ કરી તેમને યોગ્ય દિશામાં શિક્ષિત કરી શકાય. તેમણે પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા.

મુખ્ય વકતાશ્રીઓનો પરિચય ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મયંક સોઢાએ કરી હતી. વેબિનારનું સંચાલન ડૉ. મેહુલ શાહ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા અને ડૉ. મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ રીતે કરવામાં આવ્યું. You Tube Link : https://youtu.be/OtdfXbaavww

### "કોવિડ–૧૯ જાગૃતિ" : નેશનલ વેબિનાર

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૧૯ જુલાઈ, ૨૦૨૦ના રોજ "કોવિડ–૧૯ જાગૃતિ" વિષય અંતર્ગત Google Meet અને You Tube, Tweeter, Face Book અને Instagram ના માધ્યમથી ૧૭મા નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ.કે.એન. ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં ગર્વમેન્ટ ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરતના મેડિસિન વિભાગના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ શ્રી ડૉ. કે. એન. ભટ્ટ મુખ્ય વકતા

તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૩૨૯૪ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી ડૉ. કે. એન. ભટ્ટે કોરોના વાયરસના લક્ષણો, તેમાં રાખવાની કાળજીઓ, માન્યતાઓ અને હકીકતો વિશે ચર્ચા કરી હતી. અત્યારે ૭૦ જેટલા પ્રકારના વાયરસ છે જેને આલ્ફા અને 'બીટા' નામની કેટેગરીમાં વિભાજીત કરી શકાય. જેમાં કોવિડ–૧૯ એ બીટા કેટેગરીનો વાયરસ છે. આ વાયરસનું સમયાંતરે જૈવિક રૂપાંતર થતું રહે છે. જેથી વાયરસ નવા નવા સ્વરૂપમાં ઉદ્‌ભવે છે. ડૉ. કે. એન. ભટ્ટ જણાવે છે કે, લોકોએ ગભરાયા વગર સાવચેતી અને સતર્કતા રાખવાની જરૂર છે. જયારે પણ શરૂઆતના લક્ષણો દેખાય ત્યારથી જ સારવાર લેવી જોઈએ અને કોઈપણ વ્યકિતના સંપર્કમાં ન આવવું જોઈએ. જે દર્દીમાં ઓકિસજનનું પ્રમાણ ૯૦ ટકા કરતાં ઓછું હોય તે વ્યકિતઓએ ચોકકસ જ સરકારી હોસ્પિટલમાં સારવાર લેવી જોઈએ. કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતાં વ્યકિતઓએ રેપિડ ટેસ્ટ, ધન્વંતરી રથ, સીટી સ્કેન તેમજ સરકારી હેલ્થ સેન્ટર, ૧૦૪ની સેવા તેમજ સરકારી હોસ્પિટલમાં જઈ સારવાર લેવી જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું કે, જો આવશ્યક ન હોય તો બહાર જવાનું ટાળો, ઘરમાં જ રહો, ભીડભાડવાળી જગ્યાએ ન જવું જોઈએ. બહાર હંમેશા માસ્ક પહેરીને જવું જોઈએ. એકબીજાથી ૬ ફૂટનું અંતર રાખવું જોઈએ, કોઈની પણ સાથે હાથ મિલાવવાનું ટાળી બે વ્યકિતઓ વચ્ચે ડિસ્ટન્સ જાળવવું જોઈએ. સેનીટાઈઝરનો વધુને વધુ ઉપયોગ કરી ૨૦ થી ૪૦ સેકન્ડ સુધી સાબુથી હાથની સફાઈ કરવી જોઈએ. તેમણે પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા.

મુખ્ય વકતાઓનો પરિચય ડૉ. કૃતિ પટેલ તેમજ આભારવિધિ ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ કરી. વેબીનારનું સંચાલન ડૉ. કૃતિ પટેલ, ડૉ. મેહુલ શાહ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા અને ડૉ. મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું. You Tube Link : https://youtu.be/KE_Tr OaFWw



**"શિક્ષણ અને યુવાનો" : નેશનલ વેબિનાર**

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૨૪ જુલાઈ, ૨૦૨૦ શુક્રવારના રોજ "શિક્ષણ અને યુવાનો" વિષય અંતર્ગત Google Meet, Microsoft Team, You Tube, Tweeter, Face Book અને Instagramના માધ્યમથી ૧૮મા નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ મંત્રી શ્રી અમિત ઠાકર મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૯૮૧૯ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી અમિત ઠાકરે શિક્ષણએ વ્યકિતત્વનું ઘડતર કરે છે. શિક્ષણ એ એવું ધન છે કે જેને કોઈ ચોરી શકતું નથી. ભારત હંમેશાથી જ્ઞાન માટે આશાનું કિરણ રહ્યું છે. ભૂતકાળમાં પણ ભારતે દુનિયાને માર્ગદર્શન પૂરું પાડયું છે. ભૂતકાળમાં નાલંદા અને તક્ષશીલાથી દુનિયામાં જ્ઞાનનો પ્રવાહ વહેતો હતો. ભારત ગણિત, અવકાશક્ષેત્રે, ખનીજક્ષેત્રે, ટેકસટાઈલક્ષેત્રે જેવાં બીજા ઘણાં ક્ષેત્રોમાં હંમેશાથી આગળ રહ્યો છે. આવનારા સમયમાં યુવાનોની ભુમિકા ખૂબ જ અગત્યની છે. આજે દુનિયાની મોટી કંપનીઓનું સંચાલન ભારતના લોકો કરે છે. યુવાનોએ વધુને વધુ શિક્ષણ મેળવી પોતાની સર્જનાત્મક શકિત અને કૌશલ્યયુકત થઈ નવા નવા સ્ટાર્ટઅપ શરૂ કરવા જોઈએ. શ્રી અમિત ઠાકર જણાવે છે કે આવનારા સમયમાં સૌથી વધુ ઈ–કોમર્સ અને એમ–કોમર્સ ક્ષેત્રથી નવી નવી તકોનું સર્જન થવાનું છે. એવા સમયમાં કોમર્સના વિદ્યાર્થીઓ કોમર્સ અને ટેકનોલોજીનો સમન્વય કરી વિકાસ કરી શકશે. કોવિડ–૧૯ પછી ભારતની શુધ્ધતા ચીનની મેલી મુરાદ ઉપર ભારે પડશે અને દુનિયામાં ભારતીયોનું સ્થાન આગવું રહેશે. વધુમાં તેમણે જણાવ્યું કે, કોલેજના યુવાનોએ ત્રણ વર્ષ ખૂબ મહેનત અને કૌશલ્ય વિકસાવી યોગ્ય ધ્યેય નકકી કરી તેનું જ્ઞાન મેળવી સફળ થઈ શકશે. યુવાનોએ નકારાત્મક માનસિકતાવાળા લોકોથી દૂર રહી હકારાત્મક વિચારો લાવી પ્રગતિ કરવી જોઈએ. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ. જેથી ભારતની સંસ્કૃતિ, ઈતિહાસ અને મહાપુરુષોથી પ્રેરણા લઈ શકીએ. તેમણે પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા.

મુખ્ય વકતાશ્રીઓનો પરિચય વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્યશ્રી મનિષ કાપડિયા તેમજ આભારવિધિ ડૉ. મેહુલ શાહે કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ.મેહુલ શાહ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા અને ડૉ.મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. You Tube Link : https://youtu.be/9iwFrV5urKI




## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### બુક રિવ્યુ સિરીઝ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં, સપ્તધારાના જ્ઞાન ધારા અંતર્ગત લાઈબ્રેરી કમિટી દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ બુકરિવ્યુ સિરીઝ–'અભિગ્યા' અંતર્ગત અગ્યારમાં ડીજીટલ બુક રિવ્યુ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરતના ખ્યાતનામ આંખના નિષ્ણાંત અને હાલમાં નેત્રંગ આંખની હોસ્પિટલમાં સેવા આપતા ડૉ. નીતિન ગર્ગએ એડમ ગ્રાન્ટ લેખિત 'ગિવ એન્ડ ટેક – અ રેવોલ્યુશનરી અપ્રોચ ટુ સકસેસ' શીર્ષકને ચરિતાર્થ કરતા જીવનમાં ગિવર્સ કેવી રીતે સફળતાના શિખરે પહોંચે છે તેનું વર્ણન કર્યુ હતું. તેમણે ગિવર્સ અને ટેકર્સ વચ્ચેનો લાક્ષણિક તફાવત જણાવી ગિવર્સના ઉદ્દાત લક્ષણોનું વર્ણન કર્યુ હતું. આ કાર્યક્રમમાં દેશના ૧૬ રાજ્યોથી કુલ ૨૬૫ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે ડૉ. નીતિન ગર્ગનો શ્રોતાઓ સમક્ષ પુસ્તકની સમીક્ષા કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન લાઈબ્રેરી કમિટિના સેક્રેટરી પ્રો. ડૉ. નેહા રાવલ, ચેર પર્સન શ્રી શિવાંગ મહેતા તથા ટેકનીકલ સ્ટાફ શ્રીમતી ભૂમિ દેસાઈ અને કુ. ક્રીના દેસાઈએ કર્યુ હતું.





### સાયબર ક્રાઈમ એવેર્નેસ–સેવ યોરસેલ્ફ ક્રાઈમ ક્રિમિનલ્સ: નેશનલ વેબિનાર

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં, આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ You Tube Live Streaming અને Zoom ના માધ્યમથી એન્ટી રેગીંગ એન્ડ એન્ટી સેક્સુઅલ હેરેસમેન્ટ કમિટી અંતર્ગત શ્રી મૌલિક શાહ–ફોરેન્સિક ઈન્વેસ્ટીગેટર એન્ડ સાયબર સેક્યુરીટી એક્સપર્ટ દ્વારા 'સાયબર ક્રાઈમ એવેર્નેસ – સેવ યોરસેલ્ફ ફ્રોમ સાયબર ક્રાઈમ ક્રિમિનલ્સ' પર આઠમા નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમણે હેકિંગ, સાયબર સેક્યુરીટી અને એથીકલ હેકિંગ વિષે સચોટ માર્ગદર્શન પુરું પાડયું હતું. ઉપરોક્ત વેબિનારનો મુખ્ય હેતુ સાઈબર સ્પેસ તથા એને લગતી સમસ્યાઓ અને નાણાંકીય ગુનાઓ વિષે જાગૃતતા ફેલાવવાનો હતો. એમણે સોશ્યલ નેટવર્કિંગ સાઈટસના દુરુપયોગ દ્વારા આચરાતા ગંભીર ગુનાઓ, ફ્રોડ જેવી બાબતો વિષે પ્રાયોગિક રીતે નિદર્શન આપી એના સમાધાનો તથા તેવી સમસ્યાઓનો સમજદારી પૂર્વક નિરાકરણ લાવવા માટે સહભાગીઓને પ્રેરિત કર્યા હતા.

આ પ્રોગ્રામમાં દેશના ૧૮ રાજ્યોથી કુલ ૪૬૬ જેટલા એકેડેમિશિયન્સ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ત્યારબાદ આ વેબિનારમાં ઉપસ્થિત સહભાગીઓને ઈ–સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યા.

એન્ટી સેક્શુઅલ હેરેસમેન્ટ કમિટીના સેક્રેટરી ડૉ. હીના દલાલે શ્રી મૌલિક શાહનો વિસ્તૃત માહિતી પૂરી પાડવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન એન્ટી રેગીંગ કમિટીના સેક્રેટરી પ્રો. નંદા બોથરા તથા ટેકનીકલ સ્ટાફ શ્રીમતી ભૂમિ દેસાઈ અને કુ. ક્રીના દેસાઈએ કર્યુ હતું.




### સેલ્યુટ ટુ ધ અન્બીટેબલ કરેજ': નેશનલ વેબિનાર




વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં, આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ You Tube Live Streaming અને Zoomના માધ્યમથી કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા સર્જીકલ સ્ટ્રાઈક ડે ના ઉપલક્ષમાં 'સેલ્યુટ ટુ ધ અન્બીટેબલ કરેજ' પર નવમા નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં પૂર્વ સૈનિકો–શ્રી મનમોહન શર્માજી, શ્રી હરેન કુમાર ગાંધી, શ્રી કિરીટભાઈ દવે, શ્રી ધ્રુવ સ્માર્ત તથા શ્રી રાજગોપાલ રાવને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેઓ


ભારતીય ડીફેન્સમાં રહીને પોતાની સેવાઓ આપી ચુકયા છે. એ બધાએ પોતાના કાર્યકાળના સંસ્મરણોની ઝાંખી કરાવી યુવાનોને દેશદાઝ, નિયમિત દિનચર્યા, ડીસીપ્લીન, કર્મશીલતા અને કેરિયર સંબંધિત માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રોગ્રામમાં દેશના ૭ રાજયોથી કુલ ૨૧૨ જેટલા એકેડેમિશિયન્સ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ વેબિનારમાં ઉપસ્થિત સહભાગીઓને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

આ વેબિનારમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે ઉપસ્થિત મહાનુભવોનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રો. ક્રિષ્ના દેસાઈ તના ટેકનીકલ સ્ટાફ શ્રીમતી ભૂમિ દેસાઈ અને કુ. ક્રીના દેસાઈએ કર્યુ હતું.


## જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, અમરોલી.

### ઓનલાઈન દેશભકિત ગીત : સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી, દ્વારા કોરોનાની મહામારીને પગલે માઈક્રોસોફ્ટ ટીમ્સના વર્ચ્યુઅલ માધ્યમથી સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે તા. ૯ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ ઓનલાઈન દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ચાર્જ આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણી અને સાંસ્કૃતિક સમિતિના સભ્યો, ડૉ. સુધાધારા સામલ, ડૉ. દિવ્યાની પટેલ, ટવિન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યુ હતું. દેશભકિત ગીત સ્પર્ધાના નિર્ણાયક શ્રી આનંદ એમ. પલસાનાવાલા દ્વારા પાંચ જેટલા વિદ્યાર્થીઓને સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી, જેમાં પ્રથમ ક્રમે તુષાર વસંતભાઈ જૈન (S.Y.BBA), બીજા ક્રમે કેવલ રસિકભાઈ તિલાવત (T.Y.BCA), ત્રીજા ક્રમે મિહિર કિશોરભાઈ ચાવડા (S.Y.B.Com) અને આશ્વાસન ઈનામ તરીકે રિયા શૈલેષભાઈ ધકાણ (T.Y.B.Com) તેમજ કેયુર કાલુભાઈ પરમાર (T.Y.BBA) ની પસંદગી થવા પામી હતી, આ ઉપરાંત સ્પર્ધાના નિર્ણાયક શ્રી આનંદ એમ. પલસાનાવાલા એ પણ આ ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર પોતાની વાંસળીની મધુર ધૂન રજૂ કરીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

### સલાડ ડેકોરેશન : સ્પર્ધા




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી છાપરાભાઠા મહામારીની આ પરિસ્થિતિમાં એક પગથિયું આગળ વધી અને વધુ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલું હતું. માઈક્રોસોફ્ટ ટીમ્સના વર્ચ્યુઅલ માધ્યમથી ૧૬ ઓગષ્ટ ૨૦૨૦ ના રોજ ઘરબેઠા સલાડ ડેકોરેશનની સ્પર્ધા યોજી હતી તેમજ સમગ્ર ઈવેન્ટને યુટયુબ ચેનલ પર પણ બતાવવામાં ઓપન લિંક પણ બનાવાઈ હતી, જેથી મહત્તમ પ્રેક્ષકો ઈવેન્ટનો આનંદ લઈ શકે. જીવન જ્યોત ટ્રસ્ટના મેનેજમેન્ટના સભ્યો, ઈ.ચા.આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી અને કોલેજના તમામ પ્રવાહના કો–ઓર્ડિનેટરના પૂર્ણ સહયોગ અને માર્ગદર્શન હેઠળ હેલ્ધી ફૂડ લાઈફ સ્ટાઈલને અનુરૂપ થવાના આશયથી અમારી કોલેજના વિવિધ પ્રવાહના વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો છે.

કાર્યક્રમનું ઉદઘાટન શ્રીમતી ટવિંકલ પંચાલ દ્વારા ગણેશ વંદનાથી કરાયું હતું. આ કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.દિવ્યાની પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તકનીકી સહાય પ્રા.ટવીકલ પંચાલ દ્વારા આપવામાં આવી હતી અને આ કાર્યક્રમની ઓનલાઈન દેખરેખ પ્રા.ડૉ.સુધાધાર સમલ દ્વારા કરવામાં આવી હતી. સલાડ બનાવવાની સ્પર્ધામાં કુલ 12 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી નિર્ણાયક કુ. શશિકલા યાદવે (શ્રી એચ.જે.ગજેરાના આચાર્ય અ.માં.શાળા,ઉતરાણ) સ્પર્ધાના વિજેતા તરીકે કુલ 4 સહભાગીઓની પસંદગી કરી છે. જે મુજબ પ્રથમ ક્રમે સ્નેહા દિલીપભાઈ સંઘાણી ટી.વાય બીબીએ, બીજા ક્રમે સુરભી મનસુખભાઈ સાંગાણી ટી.વાય. બીકોમ., ત્રીજા

ક્રમે શ્રુતિ મનસુખભાઈ હરસોડા ટી.વાય.બીકોમ. અને અનિકેત મહેશભાઈ ઉનાગર એસ.વાય.બીસીએ. ઈનામના હકદાર બન્યા હતા. પ્રા. ડૉ. છાયા પટેલે આપેલા આભારવિધિ દ્વારા કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

**આરતી થાળી સજાવટ : સ્પર્ધા**



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, છાપરાભાઠાના વિદ્યાર્થીઓ આ રોગચાળાની પરિસ્થિતિ પર તેમની પ્રતિભા દર્શાવવા ઉત્સાહી છે, તેથી અમે ફરી તેમને આરતી થાળી સજાવટ સ્પર્ધામાં તેમની છુપાયેલી પ્રતિભા બતાવવાની વધુ એક તક આપી. તેમની આતુરતા જોઈને અમારી કોલેજની સાંસ્કૃતિક સમિતિએ ૨૦ ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ માઈક્રોસોફ્ટ ટીમ્સના વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર આરતી થાળી સજાવટ સ્પર્ધા યોજી હતી જેમાં અમારી અમરોલી કોલેજના જુદા જુદા પ્રવાહના વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. ઉપરાંત સમગ્ર ઈવેન્ટને યુટ્યુબ ચેનલ પર પણ બતાવવામાં ઓપન લિંક પણ બનાવાઈ હતી, જેથી મહત્તમ પ્રેક્ષકો અમારી ઈવેન્ટને માણી શકે. કાર્યક્રમનું ઉદઘાટન પ્રા.ડૉ.છાયા પટેલ દ્વારા ગણેશ વંદનાથી કરાયું હતું. આ કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.દિવ્યાની પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, તકનીકી સહાય પ્રા.ટવિન્કલ પંચાલ દ્વારા આપવામાં આવી હતી અને આ કાર્યક્રમની ઓનલાઈન દેખરેખ પ્રા. ડૉ. સુધાધાર સમલ દ્વારા કરવામાં આવી હતી. સ્પર્ધામાં કુલ 20 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ઈવેન્ટના નિર્ણાયક શ્રી મીતા સાગર રાવલે (અંગ્રેજી માધ્યમ શાળા અમરોલીની શિક્ષિકા) સ્પર્ધાના વિજેતા તરીકે પ્રથમ ક્રમે સ્નેહા દિલીપભાઈ સંઘાણી (ટીવાયબીબીએ), બીજા ક્રમે અનિકેત મહેશભાઈ ઉનાગર (એસવાયબીસીએ), ત્રીજા ક્રમે રીયા શૈલેષભાઈ ધકન (ટીવાયબીકોમ) તેમજ મયુરી ભરતભાઈ કચ્છી (ટીવાયબીકોમ) કુલ 4 સહભાગીઓની પસંદગી કરી હતી. પ્રા.ડૉ.દિવ્યાની પટેલે આપેલા આભારવિધિ દ્વારા, સંચાલકશ્રી, આચાર્યશ્રી, કોલેજના તમામ પ્રવાહના કો–ઓર્ડિનેટર, તકનિકી ટીમના સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

**Vidyamandir College of Architecture, Vesu, Surat.**

Vidyamandir College of Architecture Managed by Vidyamandir trust, Vesu Surat organized various Webinars for students of Architecture during the lock down. A number of experts and renowned architects talked about topics like "Parametric Designs & Computational Architecture", Architectural & Interior Lighting", Ferro cement in Architecture". Students from our institute participated in these webinars to promote continuous learning.

**Career opportunity in Architecture and in Interior Design**

Architecture and Interior Design are exciting disciplines that involves conceptualization and designing of spaces. As the mainstream sector of employment in Building industry and life style; it is a heaven for creative budding architects and interior designers, where sky is the limit. With space being one of the major constraints we face today, there is an intense need for skilled architects and interior designers to swish their magic wands and create well designed, smart, functional spaces. As a mother discipline of design, it allows a career in variety of design fields.



## Future of Software in Architecture and Design

The design world does not only demand the theoretical part of the syllabus with endless effort, it demands great exposure in software and technology field. The possibility of creating a virtual walk through of the upcoming building and enhancing the art of imagination is the job of any design software. These software also help construction, estimation and detailing. This webinar explained the possibility of software skills necessary for a designer by an expert from the CAD field.




## શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ, વલસાડ.

### એન.સી.સી.

તા. ૨૪/૦૪/૨૦ના રોજ COVID-19 મહામારી દરમ્યાન EX. NCC YOGDAN કાર્યક્રમ અંતર્ગત કોલેજના ૧૫ એન.સી.સી. કેડેટ વલસાડ જીલ્લાની વિવિધ બેંકો અને સસ્તા અનાજની દુકાનો ઉપર સરકારી સુચનોનું પાલન કરાવવા અને પોલીસ કર્મચારીઓને મદદ કરવા માટે લોક જાગૃતિ સોશ્યલ ડિસ્ટન્સ લાઈનમાં અંતર રાખી ઉભા રહેવા અંગેની કામગીરી કરી હતી. એન.સી.સી. કેડેટની શ્રેષ્ઠ કામગીરી બદલ વલસાડ ડીસ્ટ્રીકટ કલેકટર અને જીલ્લા સુપ્રિડેન્ટેડ ઓફ પોલીસ દ્વારા તમામ કેડટોને "કોરોના વોરિર્યસ" તરીકે સન્માનિત કરી ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. તા.૧૫/૦૮/૨૦૨૦ના રોજ સ્વતંત્રતા દિનની ઉજવણી ધ્વજવંદન કાર્યક્રમમાં કેડેટે સ્વૈચ્છિક ભાગ લીધો હતો. ધ્વજવંદન બાદ લોકડાઉન દરમ્યાન કોરોના વોરિયર્સ તરીકે કામ કરનાર એન.સી.સી. કેડેટને કોલેજ તરફથી આચાર્યશ્રીના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. તા.૦૫/૦૯/૨૦૨૦ના રોજ શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે કોરોના વોરિયર્સ તરીકે કામગીરી કરનાર કેડેટને ડાયરેકટર જનરલ એન.સી.સી. તરફથી મળેલ ટ્રેકશુટ કીટ આચાર્યશ્રી અને અન્ય મહેમાનશ્રીઓના હસ્તે આપવામાં આવ્યું હતું.

### સપ્તધારા અંતર્ગત ઈન્ટર કલાસ અને ઈન્ટર કોલેજ : સ્પર્ધાઓ

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૧૭/૦૮/૨૦૨૦ થી તા. ૧૧/૦૯/૨૦૨૦ના સમયગાળા દરમિયાન સપ્તધારા અંતર્ગત વૈવિધ્યસભર આંતર કલાસ અને આંતર કોલેજ સ્પર્ધાઓનું અયોજન કરેલ હતું જેમાં વિવિધ સ્પર્ધાઓમાં ચિત્ર, પોસ્ટર મેકિંગ, મહેંદી, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, પુસ્તક પરિચય, કવિઝ, વાર્તાલેખન, વકર્તૃત્વ, નિબંધ, સંસ્કૃત શ્લોકગાન, દેશ ભકિત ગીત, શીઘ્રવકર્તૃત્વ, મોનો એકટીગ, કાવ્ય પઠન, રંગોળી, સલાડ ડેકોરેશન, ડિબેટ, જાહેરાત, પર્યાવરણ સંબધિત વકર્તૃત્વ વગેરે યોજાઈ હતી. આ સ્પર્ધાઓનું સંચાલન કોલેજના તમામ અધ્યાપક મિત્રો તથા આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણાના સહકારથી થયેલ હતું. આ સમગ્ર સ્પર્ધાઓ માટે સંપૂર્ણ માર્ગદર્શન ઓ પ્રેરણા આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણા દ્વારા અપાઈ હતી.

### રાષ્ટ્રીય કક્ષાનો વેબિનાર અને ઓનલાઈન ફીટનેસ વર્ગો

તા.૧૭–૩૦/૦૮/૨૦૨૦ના રોજ કોલેજના વિદ્યાર્થીઓ માટે સરકારશ્રીના નિયમોને ઘ્યાનમાં રાખી ફીટનેસ વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. દરરોજ સવારે ૭:૦૦ થી ૯:૦૦ દરમ્યાન વિદ્યાર્થીઓને શારિરીક કસરતો યોગાસન વિવિધ રમતો રમાડવામાં આવી હતી. તા. ૨૭/૦૮/૨૦૨૦ના રોજ જીમખાના સમિતિ અંતર્ગત નેશનલ વેબિનાર "New Education Policy & Effect of Covide-19 with Reference to Sports & Physical Education" ઉપર ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સભ્યોએ ભાગ લીધો હતો.

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ.

### રાષ્ટ્રીય નઈતાલીમ સપ્તાહ : ઉજવણી

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ તા.ખેરગામ જિ. નવસારી ખાતે વિશ્વમાનવ મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મ જયંતી અને પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીની ૧૧૬મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે તા. ૨૬/૦૯/૨૦૨૦ થી તા. ૦૨/૧૦/૨૦૨૦ દરમ્યાન IQAC, સપ્તધારા, રાષ્ટ્રીય સેવા યોજના અને ઈતિહાસ વિભાગના સંયુકત ઉપક્રમે "રાષ્ટ્રીય નઈતાલીમ સપ્તાહ"ની ઉજવણી સંસ્થાના આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ. પટેલના

માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી જે નિમિતે તા. ૨૬/૦૯/૨૦૨૦ શનિવાર થી તા. ૦૨/૧૦/૨૦૨૦ શુક્રવાર સુધી ઓનલાઈન ક્વીઝ સ્પર્ધા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તા.૨૭/૦૯/૨૦૨૦ના રોજ ગાંધીગીત સ્પર્ધા તેમજ તા.૨૮/૦૯/૨૦૨૦ના રોજ ગાંધીજી અને ભારત, ગાંધીજી અને નઈતાલીમ વિષય પર વકતૃત્વ સ્પર્ધા તા. ૨૯/૦૯/૨૦૨૦ના રોજ વિઝિટિંગ લેકચરર, ડિપાર્ટમેન્ટ ઓફ હિસ્ટ્રી ભાવનગર યુનિવર્સિટી ભાવનગરના પ્રા. ડૉ. ગિરીશભાઈ વાઘેલાએ "ગાંધીજી અને દક્ષિણ આફ્રિકા" અને તા. ૩૦/૦૯/૨૦૨૦ ના રોજ પી.આર.બી. આર્ટ્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી ઈતિહાસ વિભાગના અધ્યક્ષ એસોસિયેટ પ્રો. અમીબેન પી. નાયકે "ગાંધીજી અને દાંડીકૂચ" તેમજ તા. ૦૧/૧૦/૨૦૨૦ના રોજ મધુર મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના ગ્રામીણ અર્થશાસ્ત્ર વિભાગના પ્રો. ડૉ. હસમુખભાઈ જી. દેસાઈએ "ગાંધીજી અને ગ્રામસ્વરાજ" જેવા વિવિધ ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યુ હતું. તા. ૦૨/૧૦/૨૦૨૦ ના રોજ ઓનલાઈન ભજન સંધ્યા કાર્યક્રમમાં કોલેજનાં ઉત્સાહી વિદ્યાર્થી, અધ્યાપકો દ્વારા ગાંધીજીના પ્રિય ભજન અને ધૂન રજૂ કરાઈ હતી. એટલું જ નહી વિદ્યાર્થીની કુ. દિવ્યા સુભાષચંદ્ર કંસારા અને એના માતૃશ્રી ફાલ્ગુનીબેન કંસારાએ પણ મધુર સ્વરમાં "રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ ધૂન રજૂ કરી હતી. આ પ્રસંગને આચાર્ય ડૉ.એસ.એમ. પટેલે પોતાના ઉદ્દબોધન આપતા જણાવ્યું કે "આજનો દિવસ કોલેજના માટે ખૂબ આનંદભર્યો છે. કેમકે આ ઓનલાઈન કાર્યક્રમમાં વાલી પણ સહભાગી થયા એ અમારે મન ગૌરવની વાત છે. વિદ્યાર્થીની પટેલ દમયંતીએ "વૈષ્ણવ જન તો તેને રે કહી એ" ગાંધીજીના પ્રિય ભજન પર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન રજૂ કર્યુ હતું.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી પણ વૈશ્વિક મહામારી કોવિડ–૧૯ ના સંજોગ દરમ્યાન "આત્મનિર્ભર ભારત" પર ખૂબ ભાર મૂકે છે મહાત્માં ગાંધીજીનાં જીવનમાં જેના દર્શન આપણને થાય છે. "રાષ્ટ્રીય નઈતાલીમ સપ્તાહની ઉજવણીનો હેતુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકો, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ તેમજ સમાજના લોકોને સત્ય અને અહિંસાના પૂજારી વિશ્વપુરૂષ મહામાનવ મહાત્મા ગાંધીજીના વિચારોનો પ્રચાર પ્રસાર થાય અને એમના જીવનની અતરંગ વાતોથી માહિતગાર થાય અને એમના જીવનમાંથી પ્રેરણા લઈ પોતાના જીવન અને રાષ્ટ્રના વિકાસમાં સહયોગી બને તે હતો. એ માટે સમગ્ર કાર્યક્રમ ઓનલાઈન ગુગલમીટ અને માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અગ્રેજી વિષયના પ્રાધ્યાપક અને IQAC અને NAAC કો–ઓર્ડિનેટર પ્રા.ધર્મરાજભાઈ ઈ. ટેંભરે, કોમર્સ વિષયના પ્રા. જીગરભાઈ વી. પરમાર અને પ્રા. સુનિલભાઈ એમ. જાદવ, ઈતિહાસ વિષયના પ્રા.ડૉ.નીમુબેન એસ. ચૌધરી, ડૉ.કમળાબેન યુ. વાઢેળ અને પ્રા. ખુમરાજભાઈ કે. મહેતાએ કર્યુ હતું. સૌના સાથ અને સહકારથી "રાષ્ટ્રીય નઈતાલીમ સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી હતી.




## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### મુલાકાત



ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગરના કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલે દક્ષિણ ગુજરાતની ગ્રાન્ટેડ અને સરકારી બી.એડ.કોલેજની "પરામર્શન પાથેય" અંતર્ગત સંવાદયાત્રા અંતર્ગત તા. ૨૬–૧૦–૨૦૨૦ ના રોજ બીલીમોરા સ્થિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયની મુલાકાત લીધી હતી. કંકુ તિલકથી સ્વાગત બાદ સુમધુર પ્રાર્થનાથી અને સંકુલના કર્મયોગથી સહુને અવગત કર્યા હતા. પુષ્પાભિવાદન બાદ પ્રા. ડૉ. ગાયત્રીબેન પટેલે આઈ.આઈ. ટી.ઈ. સાથેના જોડાણ બાદની સંસ્થાની ગતિવિધિઓની રજૂઆત કરી હતી. ત્યારબાદ કુલપતિશ્રીએ સંસ્થાની જાજરમાન બુનિયાદ આચાર્ય અને સ્ટાફની યથાર્થ ભૂમિકાને સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન પ્રા.ડૉ.નમ્રતાબેન પટેલે કર્યુ હતું. બીલીમોરા વિભાગ કેળવણી મંડળના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીને કુલપતિશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરી હતી. સંકુલની અન્ય કોલેજના સુકાનીઓ ઉપસ્થિત રહયા હતા. સોશ્યલ ડીસ્ટન્સીગ અને સલામતીની પૂરતી વ્યવસ્થા સાથે સંપન્ન થયેલ આ પ્રેરક સંવાદને ઉપસ્થિત તાલીમાર્થીઓ અને સહુએ મન ભરીને માણ્યો હતો. સંકુલની સુવિધાઓ અને વ્યવસ્થાપનની સંકુલ મુલાકાત દરમિયાન કુલપતિશ્રીએ સરાહના કરી હતી.

**Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Surat.**

**નિબંધ : સ્પર્ધા**

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિષયો 'કોવિડ–૧૯ : ભારત માટે પડકાર કે તક', 'ફરીથી આયુર્વેદ અને યોગ તરફ' અને 'નવી શિક્ષણ નીતિ ૨૦૨૦' પર વિદ્યાર્થીઓએ પોતાના વિચાર રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં પટેલ કિરણ, સિંઘ આસ્થા અને દીપિકા વિશ્વકર્માએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની જ્ઞાનધારા સમિતિના સભ્યોએ કોલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. કોલેજના પ્રાધ્યાપકો પ્રા. કલ્પેશ કંસારા અને ડૉ. પ્રતિજ્ઞા દેસાઈએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

**'તે તો મને ઓળખે છે ને ?'**

એક વાર પંજાબ મહાવિદ્યાલયના પદવીદાન સમારંભ વખતે સરદારશ્રી એનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા હતા.
તે વખતે એક વિદ્યાર્થીએ સરદારશ્રીની પાસે આવીને તેમને પ્રણામ કર્યા.
સરદારશ્રીએ એ વિદ્યાર્થીને આવકારતાં પૂછયું :
'કેમ, મજામાં છે ને ?'
વિદ્યાર્થીએ કહ્યું : 'જી હા.'
થોડી વાર પછી સરદારશ્રીને તેમના એક સાથીએ પૂછયું:
'આપ પેલા વિદ્યાર્થીને ઓળખો છો ખરા ?'
સરદારે કહ્યું: 'ના.'
પેલા સાથીએ જરા નવાઈ પામીને કહ્યું :
'આપે એની સાથે વાત તો એ રીતે કરી, જાણે આપ એને પહેલાંથી સારી પેઠે ઓળખતા હો !'
સરદાર હસતા હસતા બોલ્યા :
'હું ભલે એને ઓળખતો નહીં હોઉં, પણ તે તો મને ઓળખે છે ને ? '

(સાભારઃ સરદારશ્રીના પ્રેરક પ્રસંગો. લેખકઃ મુકુલભાઈ કલાર્થી)

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Arvind V. Dhaduk**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in